ગાંધીનગર સમાચાર

એ.ટી.એમ. ફ્રોડ પુનઃ સક્રીય
શહેરનો પોલીસ પુત્ર છેતરાયો

## @ગાંધીનગર

● આર્ટ ઓફ લીવીંગના ઈન્ટયુસન પ્રોસેસ કોર્સનો પ્રારંભ, સે-૧૧ના મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે આર્ટ ઓફ લીવીંગના કેન્દ્ર ખાતે સાંજે ૬.૦૦ કલાકે થશે.

● શ્રી રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય કથા પાઠ શ્રી કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે સાંજે ૪.૩૦ વાગે સે-૧૪ શિવશકિત સોસાયટી, અંબાજી મંદિર પાસે, પ્લોટ નં. ૨૦૧/૨ ખાતે શ્રી ગીરીશભાઈ પંડયાના યજમાન પદે યોજાશે

● રાત્રે ૮.૩૦ વાગ્યાથી સુંદરકાંડ પાઠ શ્રી કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે પંચેદવ મંદિર, સે-૨૨ ખાતે યોજાશે.

● રેશનલ સમાજની માસિક બેઠક સાંજે ૫.૩૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ગાંધીનગર ખાતે મળશે.

# ઘ-૫ પાસે દયામણા ચહેરે ચાલાક 'કાકા'ની ચાલાકી

**રૂ.૬૮૦ની દવાઓ પણ લીધી અને દુકાનદાર પાસેથી બુદ્ધિપૂર્વક રૂ. ૧૦ હજાર પણ લઈ લીધા : છુટા રૂપિયા જોઈતા હોય તો ૫૦ની નોટોના બંડલ આપુ, ઘરે કોઈ માણસને મોકલો કહીને કાકા પૈસા લઈ રફફુચક્કર થઈ ગયા**

ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૧૬ ખાતે સ્થિત મેડીકલ સ્ટોરમાં ત્રણ દિવસ પહેલા વિચિત્ર છતાં રસપ્રદ કિસ્સો બનવા પામ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. આશરે ૫૫ વર્ષના એક ચાલાક વડીલ કાકા દયામણા ચહેરે મેડીકલ સ્ટોરમાંથી રૂ.૬૮૦ની દવા લઈ ગયા તેના રૂપિયા તો ન જ આપ્યા પરંતુ દુકાનદારના રૂ. ૧૦ હજાર પણ બુદ્ધિપૂર્વક લઈને વટી ગયા હતાં. દવાઓ લીધા બાદ છુટ્ટા રૂપિયાની જરૂર હોય તો મારા ઘરે રૂ. ૫૦ના બંડલ પડયા છે. રૂ. ૧૦ હજારના છુટા જોઈતા હોય તો માણસને મારી સાથે ઘરે મોકલો તેમ કહીને૧૦ હજાર અને દવા લઈ ગયા...! સાથે આવેલા માણસને ઘ-૫ ઉભો રાખીને એક સરનામુ પકડાવી દીધુને પોતે રીક્ષામાં બેસીને રફફુચક્કર થઈ ગયા હતા. હજુ તે સરનામુ શોધવા માણસ ફરી રહ્યો છે...! આ મામલે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે.

મળતી માહિતી મુજબ પાંચમી જુલાઈએ બપોરે બારેક વાગે આશરે ૫૫ વર્ષના વડીલ જેવા દેખાતા ચાલાક કાકા ઘ-૫ નજીક સ્થિત શ્યામ મેડીકલ સ્ટોરમાં દવાઓ લેવા આવ્યા હતા. રૂ. ૬૮૦ની કિંમતની દવાઓ કાકાએ ખરીદી અને છુટ્ટા રૂપિયાની વાત કાઢીને સ્ટોર માલીકને છુટ્ટાની જરૂર હોય તો ઘરે રૂ. ૫૦-૫૦ના બંડલ પડયા છે માણસને મોકલો, ૧૦ હજારના છુટ્ટા આપી દઉં તેમ કહ્યુંહતું. મેડીકલ સ્ટોર માલિકને છુટ્ટા રૂપિયાની જરૂર હતી એટલે જગદીશભાઈ મોદીને સ્ટોર માલિકે તે કાકા સાથે મોકલ્યા હતા. કાકાએ કહ્યું કે મારી પાછળ ઘરે આવો એટલે છુટ્ટા રૂપિયા પણ આપી દઈશ અને મારી દવાના રૂપિયા પણ આપી દઈશ...! સ્ટોરનો માણસ કાકાની પાછળ ગયો, કાકા ઘ-૫ પહોંચ્યા ત્યાં એક રીક્ષા ઉભી હતી તેમાં બેસી ગયા. સાથે આવેલા મેડીકલ સ્ટોરના જગદીશ મોદીને કહ્યું કે લાવ રૂ. ૧૦ હજાર અને ગુલાબવાડી પાછળ બ્લોક નં. ૩૦૨માં મારું મકાન છે ત્યાં પહોંચી જા..! મારો દિકરો ઘરે હશે તે તમને રૂ. ૧૦ હજાર (૫૦ની નોટોનું બંડલ) અને દવાના રૂ. ૬૮૦ આપી દેશે. મેં તેની સાથે વાત કરી લીધી છે. કાકાના દયામણા ચહેરાને જોઈને વિશ્વાસમાં આવી જઈ જગદીશ મોદી તે મકાન શોધવા ચાલ્યો ગયો અને કાકાને રૂપિયા આપી દીધા...! હજુ જગદીશ મોદીને આ મકાન કે કાકા કોઈ મળ્યું નથી. ચાલાક કાકા રૂ. ૧૦ હજાર પણ લઈ ગયા અને દવાઓના રૂપિયા પણ ન આપ્યા..! આ મામલે જગદીશ મોદીની ફરિયાદ લઈ સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લાના ૭ પી.એસ.આઈ. ની આંતરિક બદલીઓ થવા પામી છે.

● પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા હાર્દિક પટેલને જામીન મળતા ગાંધીનગર શહેર સહિત રાજયભરના પાટીદારોમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે.

## કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા માર્ગદર્શન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૮

શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર દ્વારા શ્રી રાજપૂત સમાજ ગાંધીનગરના સહયોગથી ધોરણ-૧૧ થી ટી.વાય.માં અભ્યાસ કરતા રાજપૂત વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરિક્ષાઓની પૂર્વ તૈયારીના ભાગરૂપે માર્ગદર્શન શિબિર નું આયોજન તા.૧૭ જુલાઈ ૨૦૧૬ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સમાજ કાર્યાલય સેકટર-૧૭ ખાતે હાજર રહેવા ઉમેદવારોને અનુરોધ કરવામાં આવ્યો છે. આ અંગે વધુ માહિતી મેળવવા માટે ફોન નં-૦૭૯- ૨૩૨ ૨૬૪૪૪ (સમાજ કાર્યાલય), જયદેવસિંહ ઝાલા મો- ૯૪૨૯૪ ૩૭૫૨૧, જયરાજસિંહ સરવૈયા મો- ૯૬૩૮૩ ૪૪૮૪૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સે-૨ શોપીંગ પાસેની ઝુંપડપટ્ટી પર જેસીબી ફેરવાયુ

**દબાણ કામગીરી તેજ : સે-૨ના વધુ ૨૫ દબાણયુકત ઝુંપડા તોડી પડાયા**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨ ખાતે ગઈ કાલે દબાણની કામગીરી સંભાળતી ટીમે સપાટો બોલાવી ૧૫થી વધુ ઝુંપડાઓ હટાવ્યા હતા તે ઉપરાંત આજે પણ સે-૨માં અન્ય લોકેશન પર શોપીંગ નજીક સફાયો બોલાવ્યો હતો. શોપીંગ નજીક વર્ષોથી જામેલા ૨૫ જેટલા ઝુંપડાઓ પર ટીમે જેસીબી ફેરવી ઝુંપડપટ્ટી સાફ કરી નાંખી હતી. સે-૨ને તંત્ર એ બે દિવસમાં ઝુંપડપટ્ટી મુકત કરી દેતા વસાહતીઓએ પણ હાંશકારો અનુભવ્યો હતો.





સેકટર-૨માં ઘ માર્ગ તરફના વિસ્તારમાં જામેલા ઝુંપડાઓ ગઈ કાલે મહેશ મોડ તથા તેમની ટીમે તોડી પાડી તાડપત્રી સહીતનો સામાન જપ્ત કરી લીધો હતો. આજે સે-૨માં અન્ય લોકશન પર જામેલી ઝુંપડપટ્ટી હટાવવાનું મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. શોપીંગ આસપાસની ઝુંપડપટ્ટી પર જેસીબી મશીન ફેરવી દઈને ૨૫ જેટલા ઝુંપડાઓ સાફ કરી આ એરીયાને મહેશ મોડ તથા તેમની ટીમે દબાણમુકત કરી નીટ એન્ડ કલીન કરાવી દીધો છે. સે-૨ના વસાહતીઓ પણ આ દબાણ અને તેના દ્વારા થતી ગંદકી તથા રોગચાળાથી તોબા પોકારી ગયા હતા અને વ્હોટસએપ પર અનેક ફરીયાદો સે-૨ની ઝુંપડપટ્ટીની મળી હતી. જેને ધ્યાને લઈ તાકીદે આ વિસ્તારને દબાણમુકત કરી હવે અન્ય લોકેશન ટાર્ગેટ પર લેવાની તૈયારી અધિકારીએ વ્યકત કરી છે.

## સે-૨૮ના બગીચા પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૮


ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે સ્થિત જેઠલજ વિસ્તારમાં રહેતા ભીખામીયા મલિક ગઈ કાલે ઈદ મનાવવા ગાંધીનગર શહેરના સે-૨૮ બગીચામાં પોતાનું બાઈક લઈને આવ્યા હતા. સ્પ્લેન્ડર પ્લસ બાઈક નં. જીજે ૧૮ એ.એસ. ૭૮૬૬ લઈને બગીચે પહોંચ્યા બાદ અંદર ફરીને પરત આવ્યા ત્યાં સુધીમાં પાર્કીંગમાંથી કોઈ વાહનચોર બાઈકની ઉઠાંતરી કરી ગયું હતું. આ મામલે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને સીસીટીવી ફુટેજ મેળવવા તજવીજ શરુ કરી છે.

## "અલ-મદની એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ" દ્વારા ઈદ-મિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૮

સમગ્ર રાજયભરમાં વસવાટ કરતા મુસ્લિમ સમાજના ભાઈ બહેનો દ્વારા પવિત્ર તહેવાર ઈદ-ઉલ-ફિત્ર ની ધામધુમથી ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગર શહેરના "અલ-મદની એજયુકેશન એન્ડ વેલફેર" ટ્રસ્ટ દ્વારા ચરેડી છાપરા વિસ્તારમાં સેકટર-૨૮ ખાતે આવેલ મદ્રેસામાં અભ્યાસની તાલિમ લઈ રહેલા બાળકો માટે સન્માન તેમજ ઈદ-મુબારકની શુભેચ્છા પાઠવવાનો કાર્યક્રમ તા.૧૦ જુલાઈ ૨૦૧૬ ને રવિવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે.

ગરીબી રેખા નીચે આવતા વિસ્તારમાં વર્ષોથી ચાલતા "સરકાર શાહે મીરા"નામની મદ્રેસામાં અંદાજીત ૩૦ જેટલા વિદ્યાર્થીઓ અરબી-ઉર્દુની તાલિમ લઈ રહ્યા છે. સમગ્ર શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઉસ્તાહપૂર્વક ઈદની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે અલ-મદીની એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ દ્વારા સેકટર-૨૮ વિસ્તારમાં આવેલ ચરેડી છાપરા સ્થિત સરકાર શાહે મીરા નામની મદ્રેસામાં તાલિમ લઈ રહેલા બાળકોને ઈદ નિમિતે સન્માનવાનો તેમજ ઈદ-મુબારકની શુભેચ્છા પાઠવવા તા.૧૦ જુલાઈને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે ઈદ મિલન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શહેરના વડિલો, વસાહતીઓ, યુવાનો કાર્યક્રમમાં હાજર રહીનો મદ્રેસાના બાળકોને ઈદની શુભકામના પાઠવશે તેમ ટ્રસ્ટના પ્રમુખ ઈમરાનખાન સિપાઈએ જણાવ્યું છે.



શહેરમાં અકસ્માતોની વણઝાર જાણે અટકતી જ નથી. આજે માઉન્ટ કાર્મેલ સ્કૂલના સર્કલ પાસે એક કાર ફૂટપાથ સાથે અથડાઈ હતી. જેનાથી કોઈ જાનહાની થઈ ન હતી પરંતુ મોંઘીદાટ કારને નુકશાન થવા પામ્યું હતું. શહેરના રસ્તા પહોળા અને લીસા હોવાથી વાહનચાલકો વિમાનની સ્પીડે કાર ચલાવે તો અકસ્માત તો થવો જ રહ્યો...!

# ગાંધીનગર જિલ્લો ૧૧ જુલાઈએ ઉજવશે વિશ્વ વસ્તી દિન





ગાંધીનગર, તા.૮

વસ્તી વધારો એ વૈશ્વિક સમસ્યા છે. વસ્તી વિસ્ફોટની આડઅસરો ઘાતક છે જેવી કે મોંઘવારી, ગરીબી, નિરક્ષરતા અને આર્થિક અસમાનતા, વસ્તી સ્થિરતા માટે લોક જાગૃતિ અને કુટુંબ નિયોજન કાર્યક્રમની સ્વીકૃતિ એ એક માત્ર ઉપાય છે.

વિશ્વ વસ્તી દિન ૧૧ જુલાઈની ઉજવણીના ભાગરૂપે ૨૭મી જૂનથી૧૦ જુલાઈ સુધી દંપતિ સંપર્ક પખવાડિયા અંતર્ગત ઉજવણી કરવામાં આવી રહી છે. ચાલુ વર્ષનું સુત્ર છે 'જવાબદારી નિભાવો, પ્લાન બનાવો' ગાંધીનગર જિલ્લામાં, દરેક તાલુકામાં, દરેક ગામમાં અને દરેક વિસ્તાર સુધી વસ્તી સ્થિરતા માટે લોકોને જાગૃત કરવા માટે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં તાલુકા કક્ષાએ આશાઓના વર્કશોપ, જનજાગૃતિ શિબિર, નવદંપતિ મેળા, સાંસ્કૃતિક કાર્યક્રમો, શૈક્ષણિક સંસ્થાઓમાં નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, રેલી એવા અનેક કાર્યક્રમો યોજવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. કલોલ તાલુકામાં શહેર અને ગ્રામ્ય કક્ષાએ પરિવાર કલ્યાણ રથ દ્વારા જન જાગૃતિના ઘનિષ્ટ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. દરેક તાલુકાઓમાં ભૂવાઓની શિબિરનું વિશિષ્ટ આયોજન કરવામાં આવેલ છે જેથી લોકોમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓનું ભૂવાઓ મારફતે જ નિરાકરણ કરવામાં આવે.

સમાજમાંથી બાળલગ્ન દૂર થાય, મોટી ઉંમરે લગ્ન થાય, લગ્ન બાદ બે કે ત્રણ વર્ષે જ બાળક આવે તે માટે પુરુષો માટે નિરોધ, મહિલાઓ માટે ગર્ભ નિરોધક ગોળીઓ ઉપયોગી છે. એક બાળક વાળા દંપતિને બે બાળકો વચ્ચે અંતર રાખવા માટે કોપર-ટી (પી.પી.આઈ.યુ.સી.ડી.) ગર્ભાધાન સામે લાંબા સમય સુધી (૧૦ વર્ષ) અસરકારક રીતે રક્ષણ આપે છે. એક કે બે બાળક બાદ જો કાયમી પધ્ધતિ અપનાવવી હોય તો સ્ત્રી નસબંધી પ્રચલિત પધ્ધતિ છે. એન.એસ.વી. ચિરા કે ટાંકા વગરની પુરુષ નસબંધી પણ અસરકારક પધ્ધતિ છે જેનાથી કોઈ પણ પ્રકારની જાતીય મુશ્કેલી રહેતી નથી. ઓપરેશન કરાવ્યા બાદ અડધા કલાકમાં જ વ્યકિત ઘરે જઈ શકે છે. આ માટે જે આશા વધુમાં વધુ એન.એસ.વી. અને કોપર-ટીના કેસ કરશે તેમને પ્રોત્સાહન રૂપે ઈનામ પણ આપવામાં આવશે.

જિલ્લા આરોગ્ય તંત્રના જણાવ્યા પ્રમાણે આ પખવાડિયાની ઉજવણી બાદ ૧૧મી જુલાઈથી ૨૪ જુલાઈ સુધી જનસંખ્યા સ્થિરતા પખવાડિયામાં કુટુંબ નિયોજનની પધ્ધતિઓના કેમ્પોની સઘન કામગીરી કરવામાં આવશે. દરેક સમસ્યાનું સમાધાન એટલે નિયંત્રિત વસ્તી. વસ્તી સ્થિરતા.

# એ.ટી.એમ. ફ્રોડ પુનઃ સક્રીય શહેરનો પોલીસ પુત્ર છેતરાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી એ.ટી.એમ. ફ્રોડ કરતી ગેંગના કોલ બંધ થઈ ગયા હતા તેમ પોલીસ ચોપડા જોઈને કહી શકાય..! પુનઃ આ ગેંગ સક્રીય થઈ છે અને શહેરના સે-૩૦ ખાતે રહેતા પોલીસ પુત્રને ટાર્ગેટ બનાવી છેતરી લેવાયો હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. એટીએમ કાર્ડ બંધ થઈ જશે તેમ કહીને કોડ નંબર મેળવી લઈ યુવાનના બેંક ખાતામાંથી રૂ.૩૨,૪૯૭ ઉપાડી લેવાયા હોવાનો કિસ્સો ધ્યાને આવ્યો છે. આ મામલે પોલીસ પુત્રની ફરિયાદ લઈ સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૩૦ છ ટાઈપ બ્લોક નં. ૯૪/૪ ખાતે રહેતા પોલીસ પુત્ર કૃણાલ અંબાલાલ પંડયાને બે દિવસ અગાઉ બપોરના અરસામાં પોતાના મોબાઈલ નંબર પર બેંક ઓફ બરોડના અધિકારીની ઓળખ આપતા શખ્સને ફોન આવ્યો હતો. હિન્દીમાં વાત કરતા આ શખ્સે કહ્યું હતું કે તમારું ખાતું કે.વાય.સી. કરવાનું છે. એટીએમ કાર્ડ બંધ થઈ જશે. જો તમે કાર્ડ ચાલુ રાખવા માંગતા હોવ તો એટીએમ કાર્ડનો નંબર અને કોડ આપો. વાતોમાં ફસાવીને ડીટેઈલ લઈ લીધા બાદ તે શખ્સે ફોન મુકી દીધો હતો ગણતરીની મીનીટોમાં કૃણાલના મોબાઈલ પર બેંક ખાતામાંથી રૂપિયા ઉપડવાના મેસેજ આવવા લાગ્યા હતા. ખાતામાંથી રૂ.૩૨,૪૯૭ ઉપાડી લઈ તે શખ્સે છેતરપીંડી કરી લધી હતી. આ મામલે કૃણાલની ફરિયાદ લઈ સે-૨૧ પી.આઈ. મીની જોષેફે ગુનો દાખલ કરીને વધુ તપાસ આરંભી છે.

## વરલી મટકાનો જુગાર રમાડતો એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૮

કરાઈ ગામની ભાગોળે વરલી મટકાનો જુગાર એક શખ્સ રમાડી રહ્યો હોવાની બાતમી ડભોડા પોલીસને મળી હતી. જેને આધારે ગઈ સાંજે દરોડો પાડી બળવંત બાબુ ઠાકોર નામના શખ્સને વરલી મટકાના જુગાર રમાડતા ઝડપી પાડયો હતો. રૂ. ૨૪૦ રોકડ તથા આંકડા લખવા વપરાતી પેન જપ્ત કરી તેની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બીસીએ કોલેજમાં થેલેસેમિયા અવેરનેસ સેમિનાર

ગાંધીનગર, તા.૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા કોલેજના તમામ વિદ્યાર્થીઓ માટે રેડક્રોસ સોસાયટીના સંયુકત ઉપક્રમે થેલેસેમિયા અવેરનેસ સેમિનાર અને થેલેસેમિયા ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૪ જુલાઈના રોજ યોજાયેલ આ સેમિનારમાં ૧૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ આ વિષય અંતર્ગત માહિતી પ્રાપ્ત કરી હતી. સેમિનારની શરૂઆતમાં કોલેજના ડાયરેકટર ડૉ. સજય એમ. શાહ દ્વારા વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા રોગ વિશેની સાચી જાણકારી કેમ જરૂરી છે તથા યુનિ.ના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ દ્વારા આ કેમ્પ વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ ફ્રીમાં કરાવવામાં આવ્યો છે તેની વિગતો આપી હતી અને આ ઉમદા કાર્ય માટે શ્રી વલ્લભભાઈ પટેલનો આભાર માન્યો હતો. ગાંધીનગરના જાણીતા સામાજિક કાર્યકર શ્રી સુકેતુ મહેતાએ વિદ્યાર્થીઓને થેલેસેમિયા રોગ વિષેની રસપ્રદ માહિતી પોતાના હૃદયસ્પર્શી અને ચોટદાર વકતવ્ય દ્વારા આપી હતી. પોતાના વકતવ્યમાં તેઓએ આ રોગ વિષે સમાજમાં ફેલાયેલી ગેરમાન્યતાઓ દુર કરી આ રોગ વિષેની સાચી સમજણ અને ભવિષ્યમાં આ રોગ દ્વારા થતી પરેશાની અને તેની સામે રક્ષણ મેળવવાના ઉપાયો વિષે જાણકારી આપી હતી. તેઓના કહેવા પ્રમાણે આ ટેસ્ટ દરેક વ્યકિતઓએ લગ્ન પહેલા કરાવવો જરૂરી છે કારણ કે થેલેસેમિયાના કોઈ ચિહ્નો નથી કે ટેસ્ટ કરાવ્યા વગર કોઈ વ્યકિત થેલેસેમિયા માઈનોર છે તેમ જાણી શકાય. થેલેસેમિયા એ કોઈ ચેપી રોગ નથી પરંતુ જો બે થેલેસેમિયા માઈનોર વ્યકિતઓ લગ્ન કરે તો આવનાર બાળક થેલેસેમિયા મેજોર હોવાની શકયતાઓ ખુબ જ વધી જાય છે અને થેલેસેમિયા મેજોર બાળક કેટલા વર્ષ જીવશે તે કહી શકાતું નથી, તેમનું જીવન ઘણું ટુંકુ હોય છે એટલું જ નહિ પરંતુ તેમના આ ટૂંકા જીવનમાં પણ લગભગ દર મહિને કે દર પંદર દિવસે બ્લડ આપવું પડે છે. જો બે થેલેસેમિયા માઈનોર વ્યકિતઓ લગ્ન ન કરે તો થેલેસેમિયા માઈનોરને કોઈ તકલીફ પડતી નથી. થેલેસેમિયા ટેસ્ટ જીવનમાં એક જ વાર કરાવવો પડે છે. સેમિનારમાં અંતમાં પ્રશ્નોત્તરી સેશનમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ અંગત રસ લઈ ઝીણવટભર્યા પ્રશ્નો પૂછયા હતા જેના શ્રી સુકેતુ મહેતાએ સાહજીકતાથી વિદ્યાર્થીઓને સમજાય તેવી ભાષામાં જવાબો આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. જૈમિની કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓમાં થેલેસેમિયાની જાગૃતતા વધે અને તેઓમાં આગળ જઈને સમાજ સેવાનો ઉત્સાહ પ્રેરાય તે માટે આજે આ કેમ્પમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન શ્રી સુનીલભાઈ સોની, શ્રી સુકેતુ મહેતા અને સંસ્થાના ડાયરેકટર ડૉ. સંજય શાહ હાજર રહ્યા હતા. થેલેસેમિયા સેમિનાર અને કેમ્પને સફળ બનાવવા માટે કોલેજના પ્રાધ્યાપક મિત્રો ડૉ. નિધિ દિવેચા, પ્રો.કેતન સાળુંકે અને પ્રો. પલક પટેલનો અમુલ્ય ફાળો રહ્યો હતો.

